इह अत्रिजः सिद्धतम् अनुवाच
द्वात्रिशंतम्
सिद्ध महर्षि पूज्यः चूर्णप्रदेहान् विविध
आमयघ्नान् आरग्वधीये जगतो
हितार्थम्।।

આ વિવિધ રોગો નો નાશ કરનારા
સિદ્ધતમ્ બત્રિસ ચુર્ણ-પ્રદેહો સિદ્ધમહર્ષિ
પૂજય અત્રિપુત્રે જગત ના હિત માટે
આરગ્વધીય માં કહ્યા હતાં...

સંકલન અને રજુઆત
ડૉ. ભાવેશ મોઢ - 98790 72445

VISIT…

LANZAROTE
Caliente.com

ચરકસંહિતા સૂત્રસ્થાન ના ત્રીજા અધ્યાય માં વિવિધ રોગો માં ઉપયોગી એવા સિદ્ધ બત્રીસ ઔષધિયોગો ;
અત્રિ ના પુત્ર એવા પૂજ્ય મહર્ષિ દ્વારા બાહ્યપ્રલેપ માટે કહેવાયેલ છે.
જેમાં થી શરૂઆત ના પંદર યોગ कृष्ठ, कृच्छ्रु, नवम्-किलासं, सुरेशलुप्तं, किटिभं, दद्रु भगन्दर, अर्श, अपचीं, અને पामां જેવા ચર્મ વિકાર માં બળતરા ખંજવાળ અને થતાં સ્ત્રાવ માં તુરંતજ લાક્ષણીક રાહત આપનારા છે.

આ પંદર યોગો માં વર્ણવેલ ઔષધિ દ્રવ્યો નો સચિત્ર પરીચય આ PDF દ્વારા આપવા નો પ્રયાસ કરેલ છે.

સંકલન અને રજુઆત:

ડૉ. ભાવેશ મોઢ

ગાંધીધામ - કચ્છ

 98 79 07 24 45

11:58 AM

1. आरग्वध + **एडगज** + करंज + **वासा** + गुडूची આ પાંચેય વનસ્પતિઓ નાં પાંદડા તથા मदनफल અને हरिद्रा चुर्ण ને બરાબર પીસી લેવું પછી गोपित्त મેળવી ને ફરી પીસી લેવું આ યોગ ને सर्षपतैल માં મેળવી ને ચર્મરોગ માં લેપ કરવો. આ યોગ માં દર્શાવેલ નવ દ્રવ્યો પૈકી एडगजः અને वासा નો પરીચય.

एडगजः

एडो मेष एव गजो यस्य भञ्जकत्वात्...

चक्रमर्द्दकः

એટલે કે ઘેટાં 🐑 ની આંખ જેવાં પાંદડા ધરાવતું અને ગજ એટલે કે હાથીઓના 🐘 ઝુંડ થી કચરાઇ જાય છે અથવા ગજ નો બીજો અર્થ મદ થી મસ્ત બનેલ એટલે કે જે જોવા માં આકર્ષક લાગે છે દર્શન માત્ર થી મદ ઉત્પન્ન કરનાર છે. મોટાભાગ ના વિદ્વાનો **Cassia Tora** ને एडगजः ગણાવે છે પણ **Cassia Alata** વધુ મેળે આવે છે. જેને ગુજરાતી માં પણ **દાદરીયો** કહે છે; એટલે કે દદ્રુ નો નાશ કરનાર લોકવૈદક માં પરંપરાગત રીતે ગણવામાં આવે છે.

वासा

જેને ગુજરાતી માં અરડૂસી કહે છે એનું વૈજ્ઞાનિક નામ Adhatoda Vasicaછે.આયુર્વેદ દ્રષ્ટિએ રક્તપિત્ત નું શ્રેષ્ઠ ઔષધ છે.

1:07 PM









Cassia Tora
કુંવાડીયો
पुआड:
દાદરીયો
Cassia Alata





Adhatoda
Vasica
वासा
અરડૂસી



2.. **श्याह्व सुराह्व, खदिर, धव** ,निम्ब,विडङ्ग **करविरकत्वक** આ બધા વૃક્ષો ની છાલ લેવા ની છે.

આ બધા વૃક્ષો ઝડપી અને ઊંચા વધે છે તથા ખુશબોદાર છે અને કંઇક અંશે તેલીય ગુણ ધરાવે છે..

વાવડીંગ દાણા ને બદલે પણ એની ત્વક જ લેવાની છે. જો તાજી - લીલી છાલ મળે તો બેસ્ટ નહી તો એક વર્ષ થી ઓછી જુની ત્વક ને બરાબર પીસી એ કલ્ક માં ગોપિત્ત ને મેળવી ફરી સમગ્ર મિશ્રણ પીળો રંગ ધારણ કરે ત્યાં સુધી લસોટવાનું છે. પછી એ લેપ સરસવ તેલ માં ચર્મરોગ પર કરવો. ખાસ કરી ને Carbuncle જેવા ખરાબ વાસ મારતાં અને કયારેક જીવાણુંઓ પેદા થયેલ હોય એવાં વ્રણ માં ઉપયોગી છે.

આ યોગ ના કેટલાક દ્રવ્યો નો પરીચય, જે આગળ ની PDF માં સમાવિષ્ટ નથી તે સચિત્ર આપેલ છે.

श्याह्व

श्रिय आह्वा आह्वा यस्य पद्मम् ।

એટલે કે કમળ જેવી સુગંધ ધરાવતુ શાલવૃક્ષ ...
આ વૃક્ષ માંથી પ્રાપ્ત થતી રાળ નો ધૂપ યજ્ઞાદી ધાર્મિક અનુષ્ઠાન માં પ્રશસ્ત છે. ખાસ કરી ને વ્રણ ની વાસ દૂર કરે છે અને વ્રણરોપણ પણ કરે છે..
આનું વૈજ્ઞાનિક નામ Shorea Robusta છે.







राळ






सुराह्व

सुरस्य आह्वा आह्वा यस्य ,देवदारु આ વૃક્ષ ઊંચુ વધતુ જ જાય છે જાણે આકાશ માંથી સુર એટલે કે દેવો ને આવહ્વાન આપવા વધતુ હોય.. એ પર થી આને દેવદારૂ કહે છે એના બે પ્રકાર છે જેમાં એક તેલીયો દેવદાર કહેવાય છે જેનું વૈજ્ઞાનિક નામ Pinaceae Cedrus Devdara છે. દેવદાર ની ત્વક ને બદલે ચીડ ના વૃક્ષ ની છાલ આપી દેવાય છે. ચીડ માંથી ટર્પેન્ટાઇન બનાવવા માં આવે છે. દેવદાર પણ વ્રણ નું શોધન કરી ને રોપણ કરે છે. આ ઔષધી યોગ માં વપરાયેલ તમામ વૃક્ષ ના થડ સખત અને મજબુત છે એટલે દેવદાર તરીકે પણ જંગલી દેવદાર ની ત્વક જ પ્રશસ્ત છે.

खदिर

खद स्थैर्य्यहिंसयो:+ अजिरशिशिरशिथिलेति આને ગુજરાતી માં ખેર કહેવાય છે.જેનું વૈજ્ઞાનિક નામ Acacia Catechu છે. વૈદ્યક માં ખેરસાર ની બોલબાલા છે પણ **ખેરસાર** બહું જુના ખેર ના વૃક્ષ ને ઊભો ફાડતા વચ્ચે થી કોલસા જેવો કાર્બન પદાર્થ મળે છે જે ઓરીજીનલ છે બાકી ના **કાથા** તરીકે વેચાતા પદાર્થ સેન્થેટીક હોય છે એના બદલે ઔષધીય પ્રયોગ માં ખદીરત્વક શ્રેષ્ઠ રહે છે.

6:54 PM




Cedrus Devdara
सुराह्व
દેવદાર






Pinaceae Cedrus Devdara
તેલીયો દેવદાર





Acacia
Catechu
खदिर
ખેર



ધવ જે વ્રજ ની જેમ મજબુત અને એવી તેજ ગતિ થી વધે છે.
ગુજરાતી માં **ધાવડો** કહે છે.આનું વૈજ્ઞાનિક નામ Anogeissus Latifolia છે.
આ ઔષધિ યોગ માં ના તમામ વૃક્ષ નો ગુંદર એટલે કે નિર્યાસ પણ ઔષધીય મહત્વ ધરાવે છે.
करविर
करं वोरयति ।
वीर + विकान्तौ + कर्म्मण्यण् । खड्गः આ વનસ્પતિ ના પાંદડા ના ખડગ⚔️ જેવા આકાર ના કારણે આ નામ અપાયુ છે આના મૂળીયા ઝેરી મનાય છે ઘોડા🐴 ને મારી નાંખે છે. આની મુખ્ય બે પ્રજાતી છે લાલ ફુલ ની **કરેણ** ને Nerium odoram અને પીળાં ફુલ ની કરેણ ને Thevetia Nerifolia વૈજ્ઞાનિક નામ આપેલ છે. સફેદ ગુલાબી રાતાં કેસરી વિગેરે રંગ ના પુષ્પો જોવા મળે છે.
કરેણ ની છાલ ટોપીકલી એન્ટીબાયોટીક કે બેકટેરીયોસીડલ તરીકે કામ કરે છે. 7:10 PM





Anogeissus Latifolia

धव

ધાવડો







करवीर

કરેણ





3.. ગ્રંથિ ભૂર્જ લશુન શિરિષ લોમશા ગુગ્ગુલ અને કૃષ્ણગંધા એટલે કે કડવો સરગવો આ તમામ વનસ્પતિઓ ના **કંદ કે મૂળ** લેવાનાં છે એને ગોપિત્ત માં પીળો કલ્ક થાય ત્યાં સુધી લસોટવા ના છે અને પછી સરસવ ના તેલ માં મિક્સ કરી ચર્મરોગ માં લગાવવા ના છે.. આ ક્રોનિક અને કષ્ટસાધ્ય ચર્મવિકારો કે જેમાં ઉપર ના પડ માં કઠીનતા આવી ગઇ છે અને **કફ થી અનુબંધીત** છે એટલે મંદતા સ્થિરતા અને શિતતા જેવા લક્ષણો થી દુષ્ય ગ્રસ્ત થયેલ હોય ત્યારે આ લેપ ઉત્તમ રહે છે.

ગ્રંથી જેનું બંધારણ ગંઠાયેલ હોય છે એ ગ્રંથી ; આમાં करीर ,पिप्पलीमूलं पिण्डालु અને भद्रमुस्तक પૈકી નું કોઇ એક દ્રવ્ય આવી શકે છે. પૂર્વે ના અનુવાદકારો એ ગ્રંથિ ચ ભૌર્જો નો અર્થ ભોજપત્ર ની ગાંઠ એવો કરેલ છે પણ ભોજપત્ર ના વૃક્ષ કે મૂળીયા માં ગાંઠો હોતી નથી એટલે ગ્રંથી તરીકે भद्रमुस्तक Cyperus Rotundus નામની વનસ્પતિ અહિંયા યોગ્ય છે.

આના પ્રકાંડ ની ગાંઠો સંકોચાઇ ને ભૂમિગત ગાંઠ બની ને મૂળીયા નાંખે છે અને વૃદ્ધિ પામે છે. હિમાલય જેવા આનૂપ પ્રદેશ માં 6000 ફુટ ની ઊંચાઇ એ જોવા મળે છે. તથા ઔષધીય પ્રયોગ માં એના મૂળ કે ગાંઠ જ વપરાય છે અને એ **સુગંધીત** હોય છે અને ત્વચારોગ પર કાર્ય કરે એવા ગુણકર્મ પણ ધરાવે છે.

11:36 AM





Cyperus
Rotundus
ग्रंथी
भद्रमुस्तक



ભૂર્જ ભૂ + ઊર્જ જેમાંથી જીવન ની ઉર્જા = બળ પ્રાપ્ત થાય છે. **ભોજપત્ર** Betula Utilis નો ઉપયોગ જ ભોજ એટલે કે જમણ માટે થતો હતો , એ પર થી ભોજન એ જીવન ની ઉર્જા છે આથી નામ પડ્યુ હશે ભૂર્જ..આની ત્વક નો બાહ્યપ્રયોગ કિટાણુ નાશક સાથે પૂતિહર છે. પ્રાચિન કાળ થી ભૂતબાધા અને ગ્રહદોષ માં ધૂપ દેવા કરાય છે.ગ્રહદોષ અને ભૂતબાધા શબ્દો થી સેપ્ટીસેમીયા અને ધૂપ થી જીવાણુ નાશક ફ્યુમીગેશન સમજવું સહજતા થી સ્વીકાર્ય થાય છે.

લોમશો લોમાનિ સન્ત્યસ્યા ઇતિ
એટલે લોમશો તરીકે જટાંમાસી લેવા માં આવે છે જેનેNordostachysJatamansi કહે છે.આનો પ્રલેપ
દાહપ્રશમન વેદનાસ્થાપન છે અને સ્વેદાધિકય થતુ હોય તો રોકે છે.

ગુગ્ગુલુ ગુજ્યતીઅનેન ઇતિ
ગુક્રોગસ્તસ્માત્ગુડતીતિ કુંજન કરવા ના મૂળ અર્થ માં વપરાતા શબ્દ ગુજ પર થી **ગુગળ** Commi-phora Mukul જે વ્યાધી રૂપ જીવાણું સંક્રમણ ને વ્રણધૂપન દ્વારા કુંજન કરી ને ડરાવી દૂર રાખે છે અને શરીર નું રક્ષણ કરે છે એટલે ગુગ્ગુલુ...
બાહ્ય લેપ માં શોથહર,
વેદનાસ્થાપન,વ્રણશોધન અને રોપણ છે.





Betula
Utilis
भूर्ज
ભોજપત્ર







Nordostachys
Jatamansi
लोमशा
જટાંમાસી










Commiphora Mukul
गुग्गुल
ગુગળ

4.. फणिज्झक ***वत्सक* सप्तपर्णा** पीलूनि **कुष्ठं सुमनप्रवाल**
આ લેપ માટે ના ઔષધિયોગ માં સમાવિષ્ટ તમામ વનસ્પતિઓની **કુમળી કુંપળો** લેવા ની છે. એના કલ્ક... ગોપિત્ત થી પીળું થાય એટલું લસોટી ને સરસવ ના તેલ થી મિશ્રિત કરી ચર્મરોગ પર આલેપન કરાય છે.
આ યોગ માં આવતી કેટલીક વનસ્પતિઓ નો સચિત્ર પરીચય.

वत्सक એટલે કુટજ ના કુમળો છોડ અથવા કુમળી પત્તીઓ.

सप्तपर्णा દરેક શાખા માં મોટાભાગે સાત પર્ણો હોય છે ગુજરાતી માં **સાતવણ** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Alstonia Scholaris** છે. ચરકે કૃષ્ઠઘ્ન અને ઉદર્દપ્રશમન માં જ ગણાવેલ છે.

5:06 PM





Alstonia Scholaris





सप्तपर्णा

सातवण

कुष्ठं
कुष्णाति रोगम्
આ વનસ્પતિ ને ગુજરાતી માં **ઉપલેટ** કહે છે.
જેનું વૈજ્ઞાનિક નામ **Saussurea lappa** છે.
ઔષધી માં આનું સુગંધીદાર મૂળ વપરાય છે જે છોડ 3 કે પાંચ વર્ષ નો થાય ત્યારે ઑક્ટોબર માસ માં ખોદી કઢાય છે. આનું વ્રણ માં લેખનીય કર્મ મહત્વ નું છે.

सुमनप्रवाल
सुष्ठु मन्यते जनैः मनोज्ञत्वात् शोभनं मनोऽस्यामिति वा सुमनाः सान्ता
જે શોભા વાળી હોવાથી માણસો ના મન માં સારી રીતે સ્થિર થાય છે એટલે કે જકડાઇ જાય છે.
જેને ગુજરાતી માં **ચમેલી** કહે છે.એના પ્રવાલ એટલે કે કૂંપળ કે ફણગો...
જાતિ નું વૈજ્ઞાનિક નામ **Jasminum Officinale** છે. શાસ્ત્રીય રીતે વર્ણ્ય, વ્રણ શોધન તથા રોપણ કરનાર અને કંડુઘ્ન છે.

5:06 PM



Saussurea lappa


कृष्ठ
ઉપલેટ
ID:cn109530505




Jasmine Officinale






सुमनप्रवाल
ચમેલી



5..वचा हरेणु त्रिवृता ***निकुम्भ* भल्लातक गैरीक अंजन** આ યોગ માં વાનસ્પતિક દ્રવ્યો ના સુકા મૂળ ત્વક નું ચુર્ણ વપરાય છે ગૈરીક અને અંજન સાથે ગોપિત્ત એટલી માત્રા માં ઉમેરી ને લસોટવા નું છે કે સમગ્ર મિશ્રણ પીળો રંગ ધારણ કરી લે પછી સરસવ તેલ માં મિશ્ર કરી ને એને માંસવૃદ્ધિ અથવા કોહવાટ વાળા માંસ ચર્મ યુક્ત વર્ણ નું ભેદન લેખન શોધન કરી ને રોપણ ના ઉદ્દેશ્ય વાળા ચર્મરોગો
માં લેપ તરીકે વાપરવા નું છે.

निकुम्भ

निकुम्भाख्यस्य दन्तिकावृक्षस्य बीजवत् बीजं यस्य । जयपाल નેપાળા તરીકે આનો પરીચય પૂર્વે અપાયેલ છે.

भल्लातक भल्ल इवाततीति

ભલ્લ એટલે કે ભાલા ની જેમ દાનવ નો નાશ કરે છે એવા ગુણ વાળી વનસ્પતિ જેને ગુજરાતી માં **ભિલામો** કહે છે એનું વૈજ્ઞાનિક નામ **Semecarpus Anacardium** છે. આ યોગ માં ફળ નથી વપરાવાના પણ મૂળ ત્વક વપરાય છે ફળ માં નું તેલ ઘણું દાહક અને સ્ફોટોત્પાદક બને છે.

3:10 PM


Semecarpus Anacardium
भल्लातक
ભિલામો




गैरीक
गिरौंभवमितिअध्यात्मादित्वात्ढञ्
स्वर्णम्।रक्तवर्णधातुविशेषः
ગુજરાતી માં આને સોનાગેરૂ કહે છે કેમ કે સોની લોકો સોના ના દાગીના ને વધુ ચમક આપવા આનો ઉપયોગ કરે છે. રાસાયણિક દ્રષ્ટિએ આમાં લોહ માટી અને ઑક્સિજન નું સંયોજન છે. વધુ લોહ નું પ્રમાણ ધરાવતું ગૈરીક ઔષધિ પ્રયોગ માં વપરાતું નથી એને પાષાણગૈરીક કહે છે અને એ લોહ ધાતુ મેળવવા ઉપયોગી છે... Haematite નામ ના ખનીજ માંથી જે નરમ પથ્થર સ્વરૂપે હોય છે એમાંથી ઉત્તમ સોનાગેરૂ બને છે અંગ્રેજી નામ Ochre છે.
પિત્ત જયારે અમ્લગુણથી પ્રકોપ પામી ને રક્ત તથા ચર્મ ના વિકાર કરે ત્યારે સોનાગેરૂ ઉત્તમ રહે છે.


પાષાણ ગૈરીક
Hacmatite


गैरीक
સોનાગેરૂ


अंजन
अनक्त्वि प्रतीच्यां दिशि रक्षकत्वेन प्रकाशते यः
अञ्जन
આંખો ને મોટી અને આકર્ષક દેખાડવા માટે જે વપરાય છે તેને અંજન કહે છે. આયુર્વેદ અને રસશાસ્ત્રીય વિવેચન માં પાંચ પ્રકાર ના અંજન નો ઉલ્લેખ છે. એમાં દારૂહરિદ્રા ની રસક્રિયાથી **રસાંજન** મળે છે જયારે બાકી ના **સ્ત્રોતાંજન સૌવીરાજન** અને **નિલાંજન** એ આર્સેનીક, ચાંદી અને સીસું ની ખાણ માંથી મળતા તત્વ Antimony અને ગંધક નું યૌગીક છે. એમાં રહેલ ધાતુઓ ના અંશ અને રંગ પર થી જુદાં જુદાં નામ અપાય છે; **પુષ્પાંજન** એ તાંબા ની ખાણ માંથી મળતા કૉપરસલ્ફેટ નું યૌગીક છે. પ્રાચીન કાળથી પુષ્પાંજન તરીકે ઝીંકસલ્ફેટ વપરાતું આવ્યું છે.
અંગ્રેજી માં અંજન ને Stibnite કહે છે sometimes called antimonite, is a sulfide mineral with the formula Sb2S3. This soft grey material crystallizes in an orthorhombic space group. It is the most important source for the metalloid antimony.
ટૂંક માં અંજન માં ગંધક છે અને એ ત્વચાવિકારો માં લેપ માં ઉત્તમ જતુઘ્ન અસર બતાવે છે.





Stibinite

अञ्जन

અંજન






6.. **मनशिल आल गृहधूम** एला **कासीस लोध्र अर्जुन मुस्ता सर्जा** આ ઔષધિય લેપ ના વાનસ્પતિક દ્રવ્યો માં એલચા નું ફળ, લોધર અને અર્જુન ની સૂકી છાલ તથા મુસ્તા નું મૂળ તેમજ સર્જ ની છાલ અથવા નિર્યાસ લેવા નો છે અન્ય ખનીજદ્રવ્યો નું ચુર્ણ ને ગોપિત્ત થી સમગ્ર કલ્ક બરાબર પીળો રંગ ધારણ કરે ત્યાં સુધી લસોટવા નું છે અને એનોરોબીક બેકટેરીયો ફંગસ ઇન્ફેકશન વાળા ચર્મરોગ પર સરસવ તેલ થી મિશ્રિત કરી આલેપન કરવા નું છે પરમ જતુંઘ્ન લેપ છે.

मनःशिल मनः शिलति आददाति आकर्षति गन्धेनेति જે પોતાની ગંધ થી મન ને આકર્ષે છે. આ લાલ રંગ નું અને ગંધક ના બે પરમાણું (બાયસલ્ફેટ) નુંઆર્સેનીક નું યોગીક છે.અંગ્રેજી માં **Red Arsenic** તરીકે ઓળખાય છે.

आल आलयति भूषयतीति

આને ગુજરાતી માં હરતાલ કહે છે

જેમાં પતરી કે વરખ નીકળતીહોય એવી સુવર્ણ સમાન પીળા રંગ ની હરતાલ ઔષધી ઉપયોગ માટે શ્રેષ્ઠ છે જે ઇરાન થી આવે છે અપારદર્શક પાણા જેવી પીંડ હરતાલ ચીન કે રંગૂન થી આવે છે આ નિકૃષ્ટતમ છે, અંગ્રેજી માં **Yellow Arsenic** કહે છે. જોકે આ ગંધક નું યોગીક છે. ટ્રાઇ સલ્ફેટ તરીકે રહેલ હોય છે. 7:06 PM


Red Arsenic - मनःशिल

Cinnabar

પત્રી હરતાલ
Yellow Arsenic

પીંડ હરતાલ

गृहधूम

ઘર ના ચુલા પર ની ચીમની માં લાગેલ મેંશ જે થોડી તેલીય પણ હોય છે એને ગૃહધૂમ કહે છે. પ્રાચીન કાળ નું એકટીવેટેડ કાર્બન બોલ કહી શકાય

कासीस

क्षुद्रकांस्यम् स्यति नाशयतीति

કાંસ્ય એટલે કાંસુ જેના વાસણો પ્રાચીન કાળથી ચલણ માં છે એ નીચે પછડાવવાથી જે અવાજ થાય એવો ખાંસી માં અવાજ આવે એટલે ખાંસી ને कास કહે છે . કાંસુ 4 ભાગ તાંબુ અને 1 ભાગ બંગ એટલે કે કલાઇ ને મેળવી ને બનાવાય છે. આ કાંસા ના વાસણો પર જે ઑક્સિડેશન ના લીધે જે કાટ ચઢે છે એ લીલા રંગ નો હોય છે. કુદરતી સ્વરૂપે માક્ષિક ના પહાડો ને ખાણ માંથી જે કાંસા ના કાટ સમાન લીલા રંગ ની માટી સ્વરૂપે જે कासीस મળે છે એને ગુજરાતી માં હીરાકસી અને અંગ્રેજી માં Green Vitriol કહે છે આ લોહ અને ગંધક નું યોગીક છે. આ કૃમિઘ્ન છે.

लोध्र

रुणद्धीति જે રુધ અવરોધવા માં ઉપયોગી છે. ગુજરાતી માં જેને લોધર કહે છે એનું વૈજ્ઞાનિક નામ Symplocos Racemosa છે. આની છાલ કષાય અને શીત વીર્ય હોવાથી ગ્રાહી અને સ્તંભક કર્મ વાળી છે. એટલે સ્ત્રવતા વ્રણ પર આનો લેપ પ્રશસ્ત મનાય છે.




गृहधूम Activated Carbon




कासीस- Green Vitriol - હીરાકસી




Symplocos
Racemosa
लोध्र
લોધર




अर्जुन
રતાશ પડતુ સફેદ
ગુજરાતી માં જેને **સાદડ** કહે છે એનું વૈજ્ઞાનિક નામ **Terminaliya Arjuna** છે આની છાલ કષાય રસ ના કારણે ચર્મરોગ માં થતાં રકત - પૂય આથી ના સ્ત્રોવો ન વ્રણ શુદ્ધિ કરી ને રોકવામાં ઉપયોગી છે.
मुस्ता
मुस्तयति एकत्र संहतीभवन्तीति
એક જ ગાંઠ જેવા મૂળ માંથી વૃદ્ધિ અને વિકાસ પામતી
વનસ્પતિ. ગુજરાતી માં જેને નાગરમોથ કહે છે એનું વૈજ્ઞાનિક નામ Cyperus esculentus છે મૂળીયાં લાંબા અને મૂળ ની ગાંઠ પર નાના નાના તંતુમૂળ વધુ ચોંટેલા હોય ચે ભદ્ર મુસ્તક ની મૂળ અંદર થી સફેદ હોય છે જ્યારે નાગરમોથ ના મૂળ લાલ હોય છે. દાહ યુક્ત ચર્મવિકારો માં પ્રશસ્ત છે.
सर्ज
सृजति निर्य्यासादीनिति
આનું વૈજ્ઞાનિક નામ
Vateria Indica
વાર્નિસ બનાવવા ઉપયોગી છે તથા આનો નિર્યાસ વધુ સફેદ હોય છે. વિદ્રધિ માં પડતાં ઊંડા વ્રણ ને ઝડપી ભરે છે.
7:00 PM



Terminaliya Arjuna

अर्जुन

સાદડ









Cyperus Esculentus

मुस्ता

નાગરમોથ









Vateria
Indica
सर्ज
સફેદ ડામર







सर्जरस

7..कुष्ठ, हरिद्रे, सुरसा, **पटोल** निम्ब, **अश्वगंधे**, **सुरदारु** शिग्रू, सर्षपं, तुम्बरु, **धान्य वन्यं** કેવડી મોથ **चण्डां** આ સર્વે ના ઔષધી- પ્રયોજય અંગો કે જે શુષ્ક થયેલ હોય એનું ચુર્ણ બનાવી લેવું પછી પ્રયોગ કરવા નો હોય ત્યારે છાશ માં પીસી ને લેપ તૈયાર કરવો, શરીર ના જે ભાગ પર લગાવવું છે ત્યાં પહેલા તેલ ચોળી લેવું પછી તૈયાર લેપ થી ઉદ્વર્તન કરવું આ ચુર્ણ યોગ જેને कंडुः पिडकाः कोठाः कुष्ठानि शोफाः જેવા વિકારો ને ઝડપી શાંત કરે છે. આ યોગ ના કેટલાક દ્રવ્યો નો પરીચય.

पटोल

पटति बहुगुणान् प्राप्नोतीति,
स्वनाम प्रसिद्ध लतिका फलम् ।

ઔષધી લેપ માં જંગલી કડવા પરવળ ના મૂળીયા ની છાલ લેવાય છે. ખાલીત્ય માં આના પત્ર સ્વરસ નો લેપ પ્રશસ્ત છે. વૈજ્ઞાનિક નામ Tricosanthes Dioica છે.




જંગલી કડવા પરવળ


Tricosanthes Dioica
पटोल


શાક માટે ના પરવળ

अश्वगंधा

अश्वस्य गन्ध एकदेशोमेढ्रनिव मूलमस्या:, स्वनामख्यात क्षुद्रवृक्षविशेषः તાજા ખોદેલા મૂળ માંથી ઘોડા ના શરીર જેવી વાસ આવે છે એટલે અશ્વગંધા ગુજરાતી માં **ઘોડાકુન** જેનાં મૂળ માંસલ અને વચ્ચે થી પોચા અને દાણાદાર માવા થી ભરેલ હોય છે તથા **આસંધ** ના મૂળ લાંબા ને પાતળા હોય છે.ઘોડાકૂન ના મૂળીયા લેપ માટે પ્રશસ્ત છે. જયારે આસંધ ના મૂળ આમાયીક ચુર્ણ યોગ માટે ઉત્તમ છે. પ્રદેશ ભેદ થી પાંચેક પ્રકાર ની અશ્વગંધા ભારત માં જોવા મળે છે એમાંય જે કુદરતી રીતે જંગલભૂમીમાં ઉગતી હોય એ શ્રેષ્ઠ સમજવી એનું વૈજ્ઞાનિક નામ Withania Somnifera છે.









Withania Somnifera

अश्वगंधा

धन्याकम्

धान्यमिव प्रतिकृतिः, चतुः तिल परिमाणम्, इति शुभङ्करः

Coriandrum Sativum

ધાણા

वन्यं

वने भवम् = कुटन्नटम् तत्पर्य्यायो यथा - कुटन्नटं परं वन्यं मुस्ता भञ्च परीलवम् ॥

इति वैद्यकरत्नमालायाम् ॥

Cyperus Platystilis Cyperus Amabilis

કેતકી મોથ

चण्डां

જે રોષે ભરાયેલ હોવાથી તીક્ષ્ણ પ્રતિક્રિયા કરે છે. આ વનૌષધિ નું વૈજ્ઞાનિક નામ **Angelica Archangelica** છે.

9:33 AM





Coriandrum
Sativum
धान्यक
ધાણા-કોથમીર






Cyperus


Platystilis


વન્યં
કતડી મોથ


Cyperus Amabilis






Angelica
Archangelica
चपडां



8..कृष्ठ, **अमृतासङ्ग कटङ्कटेरी** कासीस, कंपिल्लक, मुस्त, लोध्राः **सौगन्धिकं** सर्जरसो विडङ्गं, मनःशिल, आले, करविरकत्वक, तैलाक्त गात्रस्य कृतानि चूर्णानि एतानि दधात् अवचूर्णानार्थम् दद्रु स कंडुः किटिभानि पामा विचर्चिका च एव तथा एति शान्तिम्।।

9.. मनःशिल, आले, मरिचानि तैलम्, अर्कपयः, **कृष्ठहरः प्रदेह** ।


10.. **तुत्थं** विडङ्गं, मरिचानि कुष्ठं, लोघ्रं च तद्वत् स मनःशिलं स्यात्।

अमृतासङ्ग

अमृतस्येव आसङ्गो यस्य तत् । तुत्थविशेषः
तुद + "पातृतुदेति = तुत्थ
જે વ્યથાને દૂર કરે છે એ તુત્થ.
આને ગુજરાતી માં મોરથૂથૂ કહે છે. જયપુર રાજસ્થાન માં તાંબા ની ખાણો માંથી હીરાકસી ફટકડી અને મોરથૂથૂ મળે છે. મોરથૂથૂ એ તાંબા અને ગંધક નું યૌગીક છે કૃત્રિમ રીતે પણ બનાવાય છે જેને કોપર સલ્ફેટ કહે છે. મયુર ના કંઠ જેવા રંગ નું ચમકદાર મોરથૂથૂ ઉત્તમ હોય છે જેને अमृतासंङ्ग કહ્યું છે. જે રંગ માં ડલ છે એ તુત્થ કહ્યું છે.


12:21 PM


अमृतासंङ्ग
मोरथूथू




CuSO4


तुत्थ



कटङ्कटेरी
कटङ्कटं वह्निजं सुवर्णं तत्कान्तिं इतिशेषः ईरयति प्रापयति ज्ञापयति वात्मानं सुवर्णकान्तितुल्यपीतवर्णत्वात् **दारुहरिद्रा**
વૈજ્ઞાનિક નામ Berberis Aristata
પ્રોઢ વૃક્ષ ના થડ માંથી વચ્ચે નો સાર ભાગ ને 16 ગણાં પાણી માં ઉકાળતાં ચોથા ભાગ નું બચે એટલે ઉતારી ને ઠારવા માં આવે છે જેથી ઘટ્ટ થતાં સુકાઇ જાય છે. અને **રસાંજન** કહે છે... એન્ટી બેકટેરીયલ સાથે વેદના શામક અને શોથઘ્ન પણ છે.
પ્રયોગ વખતે બનાવેલ રસાંજન ને ચાર ગણાં પાણી માં ઉકાળી ગાળી એમાં દૂધ મેળવી પુનઃ ધીમા તાપે પકવ થવા દેવાય છે પછી એનો ઔષધિય પ્રયોગ કરવો પ્રશસ્ત છે.
सौगन्धीक
सुगन्धोऽस्त्यस्येति ચરકે ચર્મરોગ હર દરેક લેપ માં એક થી વધારે સુગંધી દ્રવ્ય મેળવેલ છે. એટલે અહીયાં સૌગન્ધીક થી કુતૃણ એટલે કે રોહીષઘાસ ના મૂળ અથવા सौगन्धिकं शतदलमब्जं कमलमुच्यते કમળ ના કેશરા પ્રશસ્ત રહે. કેટલાક વિદ્વાનો સૌગંન્ધિક નો અર્થ ગંધક કરે છે પણ ત્યારે ગંધક શુદ્ધ સ્વરૂપે ઉપલબ્ધ નહી હોય અને ગંધક ની વાસ ને સુગંધ પણ ના કહી શકાય.
12:23 PM


Berberis


Aristata


दारुहरिद्रा
रसांजन










सौगन्धीक
white Lotus

11..रसांजनम् स **प्रपुनाडबीजम्** युक्तम् कपित्थस्य रसेन लेपः

12.. ***करंजबीज*** एडगजं स कुष्ठं गौमूत्र पिष्टम् च परः प्रदेह।

13.. उभे=બંન્ને हरिद्रे कुटजस्य बीजं करंजबीजं सुमनःप्रवालान्
त्वचं स मध्यां ***हयमारकस्य*** = મધ્યકાંડસુધીનો છાલવાળો કરેણ નો ભાગ लेपम् **तिलक्षार** युतं સહિત विदध्यात्।।

14..मनःशिला, त्वक्-कुटजात् स कृष्टात् स लोमशः स एडगजः
करंजःग्रंथिःचभौर्जः करवीरमूलं चूर्णानि साध्यानि **तुषोदकेन**= કાંજી **पलाशनिः दाह रसेन** च अपि कर्ष उद्धृतानि-લઇને आढकसंमितेन 256 તોલા दर्वीप्रलेपं प्रवदन्ति लेपम् एत्म् परम् कृष्ठ निसूदनाय ।।

15..पर्णानि पिष्टवा **चतुरङ्गलस्य** ગરમાળા ના પાંદડા ને પિસવા तर्केण છાસસાથે पर्णानि अथ **काकमाच्याः** तैलाक्तगात्रस्य नरस्य कृष्ठानि उद्वर्तय एत् ***अश्वहनच्छेदैः*** કરેણ ના પાંદડા च ।

पुन्नाड
पुमांसं नाडयतीति   चक्रमर्द्दकः
ગુજરાતી માં પુંવાળીયોકે કુંવાડીયો કહે છે જેનું વૈજ્ઞાનિક નામ Cassia Tora છે. મોટા ભાગે તો આના બીજ પ્રયોજાય છે પણ પંચાંગ નો રસ પણ કૃષ્ઠઘ્ન છે.

काकमाची
काकान् मञ्चते अर्च्चयति फलदानेनेति જેના ફળ ખાવા કાગડા જેની ઉપર ફર્યા કરે છે.
જેનુ વૈજ્ઞાનિક નામ Solanum Nigram છે.
પંચાંગ નો રસ કૃષ્ઠઘ્ન - કંડુઘ્ન છે .

करंज
कं सुखं शिरो जलं वा रञ्जयतीति
આનો પરીચય ઉદકીર્ય અંતર્ગત આપેલ છે.
हयमारक અને अश्वहन શબ્દકરેણ એટલે કે करवीर નાં પર્યાય છે. **तिलक्षार**
તલ ના પંચાગ ને બાળી રાખ કરી એને પાણી માં ઓગાળીને ઉપર નાં નિતાર માંથી પુનઃ પાણી ને બાળી દેતાં જે વધે તે તિલક્ષાર કહેવાય છે.

तुषोदकं यवैरामैः सतुषैः शकलीकृतैः ॥” यवैः उदकसहितैः सन्धानवर्गोक्तत्वात् ।
तुषादुत्थितमुदकम् = काञ्जिकम्
અહિંયા કૃમિઘ્ન તરીકે વપરાય છે. જવ (तुष = ધાન્ય નાં ફોતરાં) અને પાણી ના સંધાન થી બનતી કાંજી એટલે તુષોદક
4:44 PM





Cassia
Tora
प्रपुन्नाड
કુંવાડીયો









Solanum
Nigrum
काकमाची





16..कोलं कुलत्थाः सुरदारु **रास्ना** माष **अतसी**
तैलफलानि कुष्ठं वचा **शताह्वा** यवचूर्णम्-अम्लम्
उष्णानि *वात आमयिनाम् प्रदेहः* ।
17.. आनूप मत्स्य आमिष वेसवारैःउष्णैः प्रदेहः
पवनापहः स्यात्।
18.. स्नेहैः चतुःभि दशमूलम् मिश्रैः गंधऔषधैः
च *अनिलहः* વાતનાશક प्रदेहः।
19..तक्रेण युक्तं यवचूर्णम् उष्णं स क्षारम् *अर्ति*
जठरे निहन्यात्
20..कृष्ठम् शताह्वाम् स वचाम् यवानाम् चुर्णम् स
तैल अम्लम् उशन्ति वाते ।

रास्ना

रस्यते इति

રાસ્ના ના મૂળીયા ઉપયોગી છે.

વૈજ્ઞાનિક નામ **Pluchea Lanceolata** છે.

अतसी

अत् + असच्

ગુજરાતી માં જેને **અળસી** કહે છે. જેનું
વૈજ્ઞાનિક નામ **Linum Usitatissimum** છે.

शतह्वा

शतं आह्वा यस्याः शतपुष्पा

જેને ગુજરાતી માં સુવા કહે છે. જેનું વૈજ્ઞાનિક
નામ Peucedanum graveolens છે.

5:51 PM





Pluchea
Lanceolata
रास्ना




Linum Usitatissimum
अतसी



અળસી






Peucedanun
Graveolens
शताह्वा
सुवा





21.. ***उभे शताह्वे*** मधुकं **मधूकं** बलां **प्रियालं** च **कशेरुकं** च घृतं **विदारीम्** च सितोपलां च कुर्यात् प्रदेहं *पवने स रक्ते*

22..रास्ना गुडूची मधुकं
बलेद्वे स **जीवके** स **ऋषभकं** पयः च घृतं च सिद्धं **मधुशेष** युक्तं *रक्तानिलार्ति*- प्रणुत् एत् प्रदेहः।

23..वाते सरक्ते स घृतं प्रदेहो **गोधूम** चूर्णम् छगलीपयः च

24.. **नत** उत्पलं **चन्दनम्** कुष्ठं युक्तं शिरोरुजायाम् स घृतम् प्रदेहः।

25.. **प्रपौण्डरीकं** सुरदारु कुष्ठं **यष्ट्याह्वम्** एला **कमल** उत्पले च शिरोरुजायाम् सघृतः प्रदेहो **लोह एरका**
पद्मक चोरकैः च

26..रास्ना हरिद्रे ***नलदं*** शताह्वे द्वे देवदारुणि सितोपला च **जीवन्तिमूलं** स घृतम् सतैलम् लेपनम् पार्श्वः रुजासु कोष्णम् ।

આ યોગો વાતવ્યાધિ , શિરઃશૂલ પાર્શ્વશૂલ તથા વાતરક્ત ની પીડા માં બાહ્યલેપાનાર્થ વર્ણવેલ છે ...

शताह्वा उभे કે द्वे શબ્દ પ્રયોગ જ્યાં હોય ત્યાં સુવા તથા વરીયાળી બંન્ને લેવા ના હોય છે સુવા નો પરીચય આગળ આપેલ છે. વરિયાળી નું વૈજ્ઞાનિક નામ Foeniculum Vulgarae છે. રસ માં મધુર અને વીર્ય શીત છે.

6:12 PM





Foeniculum
Vulgarae
વરીયાળી



मधूकं
मह्यते मन्यते वेति ફળ અને પુષ્પો ની મધુર ગંધ યુક્ત છે. ગુજરાતી માં **મહુડો** કહે છે જેનું વૈજ્ઞાનિક નામ **Bassia Latifolia** છે. લેપ માટે મહુડાં ના પુષ્પો વપરાય છે જેમાં પ્રોસીઝર થઇ ને 90-95%આલ્કોહોલ પેદા થઇ શકે છે.
प्रियाल
प्रियाय हिताय अलति पर्य्याप्नोतीति
ગુજરાતી માં જેને **ચારોળી** કહે છે એનું વૈજ્ઞાનિક નામ **Buchanania Lanzan** આના ફળ ના બીજ વપરાય છે જે તૈલીય મધુર અને શીત છે ખાસ કરી ને શીળસ પર આનો લેપ કરાય છે.
कशेरुकं
कं जलं वातं वा शृणाति
મોથ ની કોઇ એક જાત છે જે પાણી માં થાય છે જેનુંવૈજ્ઞાનિક નામ Scirpus Kysoor છે એનાં કંદ વપરાય છે. કેટલાક આને બદલે **ઘીતેલાં**-પોયણાંના ફલ- કંદ વાપરે છે.
विदारी विदृणातीति
ગુજરાતી માં આ વિદારીકંદ ને **ભોંયકોળુ** પણ કહેવાય છે જેનું વૈજ્ઞાનિક નામ **Pueraria Tuberosa** છે.મધુર અને શીત છે તાજા કંદ નો રસ લેપ માટે વપરાય છે.
7:42 PM


Bassia Latifolia






मधूक
મહુડો







Buchanania
Lanzan
प्रियाल
ચારોળી







Scirpus Kysoor

कशेरुकं








विदारी
ભોંય કોળું




Pueraria tuberosa

बलेद्वे थी बला અને अतिबला લેવાય છે જે પૈકી બલા નો પરીચય આગળ આપેલ છે. **अतिबला** = अत्यन्तं बलं यस्याः આને ગુજરાતી માં **ખપાટ** કહે છે એનું વૈજ્ઞાનિક નામ **Abutilon Indicum** છે. આના બીજ લેપ માં વપરાય છે.
जीवयति आरोग्यं करोतीति **जीवक** जीवक
ऋषभकौ ज्ञेयौ।हिमाद्रिशिखर उद्भवौ ।
रसोनकन्दवत्कन्दौ निःसारौ सूक्ष्मपत्रकौ ,जीवकः
कूर्च्चकाकारः ऋषभो वृषशृङ्गवत्
जीवकर्षभकस्थाने विदारीमूलम् ।
मधुशेष મોટાભાગે
મધપુડાં નું મીણ લેવાય છે પણ મધુમાખીપાલન કેન્દ્રો ની પેટી માં રહેલ હનિકૉમ્બ ટ્રે પર જે સફેદ મલ ભાગ હોય છે એ દૂધ પર ની મલાઇ ની જેમ મધપુડાં કે મધ ને ડિસ્ટ્રોય કર્યા વિના મેળવી શકાય છે એને મધુશેષ તરીકે લેપ માં લેવો યોગ્ય છે એમાં ઘણા બધા એન્જાઇમસ હોય છે જે શોર અને વેદના ઉપરાંત વ્રણરોપણ અને શોધન પણ કરે છે.
गोधूम गुध्यतेवेष्ट्यतेत्वगादिभिः।ब्रीहिभेदः
સ્નિગ્ધ અને મધુર છે ગુજરાતી માં ઘઉં કહેવાય છે એનું વૈજ્ઞાનિક નામ Triticum Vulgare છે.





Abutilon
Indicum
अतिबला
ખપાટ





मधुशेष







Triticum
Vulgare
गोधूम
ઘઉં





नत = नम + क्त: એટલે નમેલું ગુજરાતી માં
તગર કહે છે એનું વૈજ્ઞાનિક નામ Valeriana
Wallichii છે આના મૂળ વાતહર અને
વેદનાસ્થાપન છે.
चन्दन चन्द्यते आह्लाद्यते अस्मादनेन वा इति
ગુજરાતી માં જેને સુખડ કહે છે. એનું વૈજ્ઞાનિક
નામ SantalumAlbum છે.
આનો લેપ પિત્તજ શિરોરોગ ની વેદના નું શમન કરે
છે.
प्रपौण्डरीकं पुण्ड એટલેતિલક તિલક આકાર ની
ઓછી પાંદડી વાળુ સફેદ કમળ =પૌણ્ડરીક
कमल નો રંગ ગુલાબી-લાલ   હોય છે.વૈજ્ઞાનિક
નામ
Nelumba Nycifera છે.
यष्टयाह्वम् થી યષ્ટીમધુ લેવા માં આવે છે.
लोह થી **अगरु** લેવામાં આવે છે ગુજરાતી માં
અગર કહે છે એનું વૈજ્ઞાનિક નામ **Aquilaria
Agalloch** છે. જુના વૃક્ષ માં એક જીવાત લાગુ
પડે છે, જે અંદર ના ભાગ ને કોરી ખાય છે આથી
પાણી માં ડુબી જાય એવો ભારે, કાળાવર્ણ નો
અને સુગંધી સાર બને છે જેને **અગર** કહે છે આ
સારભાગ લેપ માં વપરાય છે.
નર્વાઇન સ્ટીમ્યુલેટર તરીકે કામ કરી વાતહર અને
વેદનાશામક કર્મ કરે છે.





Valeriana Wallichii

नतम्

તગર




Santalum Album
चन्दन
સુખડ















Nelumbo
Nycifera









Aquilaria Agallocha

लोह

અગર






अगरु



एरका પાણી વાળી જગ્યાએ થતુ બાજરી ના જેવું એક વિશિષ્ટ વનસ્પતિ છે.. જેની ડૂંડા ના ફુલ ઘા પર દબાવી દેવા થી ગમે એવા व्रण રૂઝાઇ જાય છે આથી એને ગુજરાતી માં ઘાબાજરીયું કહે છે. વૈજ્ઞાનિક નામ Typha Elephantina છે. ચરકે માત્ર વાતરક્ત માં વાપરેલ છે.

पद्मक पद्म= કમળ જેવી સુગંધ વાળુ.. ગુજરાતી માં પદ્મકાષ્ટ કહે છે એનું વૈજ્ઞાનિક નામ Prunus Cerasoides છે. એની ત્વક લેપ માં પ્રયોજાય છે.

चोरक

જે ખુશ્બુ થી મન ને ચોરી લે છે. એનું વૈજ્ઞાનિક નામ

Angelica Glauca છે.આની મૂળત્વક વપરાય છે.

नलदं આને ઉશીર એટલે કે કાંતિવર્ધક કહેવાય છે ગુજરાતી માં સુંગધી વાળો એનું વૈજ્ઞાનિક નામ **Vetivera Zizanioidis** છે.

जीवन्ती मूल

ગુજરાતી માં જેને **ડોડી** કહે છે વૈજ્ઞાનિક નામ **Leptadenia Reticulata** આના મૂળ નો લેપ દાહપ્રશમન કરે છે

11:57 AM









Typha
Elephantina
एरका
ધાબાજરીયું









Prunus
Cerasoides
पद्मक
પદ્મકાષ્ટ




Angelica Glauca चोरक






Vetivera
Zizanioidis
नलदं - उशीर
સુગંધી વાળો







Leptadenia Reticulata

जीवन्ती

ડોડી





શૈવાલ જે પાણી માં પથ્થર પર સૂતી હોય,વૈજ્ઞાનિક નામ **Ceratophyllum Demersum**
पद्म તમામ સુર્યવિકાસી કમળો માં જેના પુષ્પ ફળ તથા બીજ સૌથી મોટાં હોય છે અને ગુણકર્મ માં શ્રેષ્ઠ તેમજ આકર્ષક હોય એ.
वेत्र वी+गुधृवीपचीति,
१वेत:२ योगिदण्ड:३ सुदण्ड:
ગુજરાતી માં જલવેતસ કે **નેતર** વૈજ્ઞાનિક નામ **Salix Tetrasperma**
तुङ्ग तुजि हिंसायाम् + घञ्
उग्र:/ प्रधानम् /उन्नत:
વૈજ્ઞાનિક નામ **Calophyllum Inophyllum.**
अमृणाल मृणालतुल्यं सादृश्ये नञ्समास: तस्य मृणालसदृश
कोमलत्वात् तथात्वं **वीरणमूलं**
સુગંધીવાળો કે **ઉશીર** કહે છે.
प्रियंगु प्रियं गच्छतीति
ગુજરાતી માં **ઘઉંલા** વૈજ્ઞાનિક નામ **Prunus Mahaleb** ફલમજ્જા સુગંધીત હોય છે.
कालेयक પીળારંગ નું અને ચંદન જેવા ગુણ ધરાવતું કાષ્ટ.. **અગરૂ**
ઉપર ના દ્રવ્યો સુગંધી દાહ અને વેદનાશામક તથા રક્તસ્તંભક છે.

11:45 AM



शैवाल
Ceratophyllum
Demersum




पद्म
Nelumbo
Nucifera



દેડકું સમાય જાય એવું
મોટું એટલે પદ્મક













वेत्र-जलवेतस
Salix
Tetrasperma
नेतर














Calophyllum Inophyllum

तुङ्ग









Prunus Mahaleb

प्रियंगु

ઘઉંલા



सिता પીળાશ પડતું સફેદ હોય એને સિતા કહે છે. સિતા થી ખડી ને લેવામાં આવે છે જોકે શંખજીરૂ ના નામે ઓળખાતો માખણીયો પથ્થર પણ લઇ શકાય. **सितोपल** = सिता + उपल ઉપલ એટલે નાનો પત્થર અર્થાત્ સાકર ના ગાંગડા.

लता लतति वेष्टयते यान्यमिति વેલ કે ગુલ્મ ના સ્વરૂપે રહેલ પ્રિયંગુ ને लता કહે છે. વૈજ્ઞાનિક નામ **Callicarpa Macrophylla**

वेतस वेति जलप्लवतां गच्छति **Salix Caprea**

ऐन्द्री इन्द्रस्यापत्यं पुमान् બળ-બુદ્ધિપ્રદ **Bacopa Monnieri.**

नलिन ચંદ્રવિકાસી આસમાની રંગ નું પોયણું

दूर्वा दुर्व्वते दुर्व्व्यते वा ગુજરાતી માં જેને **ધ્રો** કહે છે વૈજ્ઞાનિક નામ **Cynodon Dactylon** જીવનીય, વિષઘ્ન અને કૃષ્ઠઘ્ન છે.

यवास यु + ऋतन्यञ्जीति =यौतीति ગુજરાતી માં જવાસો કહેવાય છે પાણી ભરેલી જગ્યાએ થાય છે વૈજ્ઞાનિક નામ **Alhagi Camelorum**

काश काशते दीप्यते शोभते વૈજ્ઞાનિક નામ **Saccharum Spontaneum**

जलम ભાવપ્રકાશ માં જલમ થી હ્રીવેર ગણવા માં આવે છે.

4:40 PM


શંખજીરૂ - Magnesium Silicate




सिता - ખડી


सितोपला - ખડીસાકર





Callicarpa Macrophylla
लता













वेतस
Salix Caprea







Bacopa
Monnieri
ऐन्द्री
જલબ્રાહ્મી








नलीन





Cynodon
Dactylon
दुर्वा- ध्रो











Alhagi
Camelorum
यवासा
જવાસો


काश
Saccharum
Spontaneum
મુઝાળી









शैलेयम् शिलायां भवम् , शैलजाख्यगन्धद्रव्यम्
દગડફુલ Parmelia Perlata આ પથ્થર કે ઝાડ ના થડ પર થતી ફુગ જેવી વનસ્પતિ છે જેની સુકવી ને વપરાય છે .

अगुरु અગર

त्वक तनोति विस्तारयतीति **તજ**
Cinnamomum Zeylanicum પ્રાચીનકાળથી ઔષધી પ્રયોગ માં તજ શ્રીલંકા થી આવે છે. જે ચીન થી આવે છે એની છાલ જાડી હોય છે જેને Cassia Cinnamon કહે છે.

सिन्धुवार
सिन्धुं गजमदं वारयति तिक्तत्वात्
સફેદ ફુલ ની નગોળ Vitex Negundo

लामज्जक वीरणमूलम् । अस्य पर्य्याः गुणाः उशीर शब्दे द्रष्टव्यौ।

हेम हि + मन् = माषकपरिमाणम् - इति वैद्यकपरिभाषा । રાજનિઘંટુ ની પરીભાષા પ્રમાણે **કાશ્મીરી કેસર Crocus Sativus.**

पत्राम् જેના પત્ર - પાંદડા ઔષધ- આહાર તરીકે વપરાય છે. તેજપત્ર,તમાલપત્ર,Cinnamomum Tamala આમાં ખુશ્બુ સારી અને તીખાશ ઓછી હોય છે.

अम्बु પાણી ના જેટલા સંસ્કૃત પર્યાય છે એ બધા સુગંધીવાળા/उशीर માટે વપરાય છે.
अभय થી અગર લેવાય છે. 5:59 PM





Parmelia
Perlata
शैलेय
દગડફુલ









Cinnamomum
Zeylanicum
त्वक
તજ (સિંહાલી)







सिन्धुवार
સફેદ ફુલ ની નગોળ
Vitex Nigundo











हेम

Crocus

Sativum

કાશ્મીરી કેસર








पत्रम- તમાલપત્ર
Cinnamomum Tamala



